# રેડ રીબન ક્લબ



ડૉ. એમ. આર. સોલંકી
કન્વીનર



ડૉ. દિલીપ એમ. પટેલ
કન્વીનર

AIDS એ અસાધ્ય રોગ નથી. તેનાથી સમાજના ઘણાં લોકો અપરિચિત છે, તેથી તેની વૈજ્ઞાનિક રીતે સમજ આપવા શાળા / કૉલેજમાં વિશ્વ એઈડ્સ દિનની ઉજવણી સભાનતાના રૂપે કરવામાં આવે છે. તાલીમાર્થી બહેનો ભવિષ્યમાં શિક્ષક બનીને શાળા મારફતે સમાજમાં જવાના હોવાથી, વિદ્યાર્થીઓમાં એઈડ્સ અવેરનેસ આવે તે હેતુથી કૉલેજમાં રેડ રીબન ક્લબની રચના કરવામાં આવેલ છે. આ ક્લબના નેજા હેઠળ વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

૧. આ ક્લબ હેઠળ તાલીમાર્થીઓમાં “એઈડ્સ અવેરનેસ” અંગે તથા તેનાથી રક્ષણ મેળવવા શું શું કરવું જોઈએ ? તેની માહિતી પ્રાર્થના–પ્રવચનમાં વકતવ્ય દ્વારા તાલીમાર્થીઓ થકી આપવામાં આવે છે.

૨. આ વર્ષે “વિશ્વ એઈડ્સ દિન” સભાનતા અંગે તાલીમાર્થીઓને ઊંડાણમાં સમજ આપવા માટે પ્રાર્થના કાર્યક્રમમાં MCQ પ્રશ્નોત્તરી દ્વારા વિવિધ તાલીમાર્થીઓ થકી આપવામાં આવી.

૩. “એઈડ્સ અવેરનેસ” અંગે તાલીમાર્થીઓ તથા અધ્યાપક દ્વારા બ્લોક ટીચીંગ કાર્યક્રમમાં, પ્રાર્થના સભામાં વકતવ્ય તથા પ્રશ્નોત્તરી દ્વારા, ઉપરાંત છેલ્લા બે તાસમાં કવીઝ સ્પર્ધા દ્વારા પણ શાળાઓના વિદ્યાર્થીઓને ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી.

૪. ડૉ. એમ. આર. સોલંકી તથા ડૉ. ડી. એમ. પટેલ સાહેબ દ્વારા “એઈડ્સ અવેરનેસ” અંગેની કવીઝ તથા સમજ આપવા માટેની વ્યાખ્યાન નોંધ તૈયાર કરીને તાલીમાર્થીઓને સાહિત્ય પૂરૂં પાડવામાં આવ્યું. જેનો ઉપયોગ તેઓ બ્લોક ટીચીંગ કાર્યક્રમ તથા ભવિષ્યમાં પણ શિક્ષક બનીને ઉપયોગ કરી શકે.

૫. આ ઉપરાંત વર્ષ દરમ્યાન ગણિત – વિજ્ઞાન ક્લબ દ્વારા શાળાઓમાં / કૉલેજમાં જનજાગૃતિના કાર્યક્રમો, ફિલ્મ શો, પીપીટી પ્રેઝન્ટેશન, કવીઝ સ્પર્ધા તથા પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

